# ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ

શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ વડોદરા ખાતે ડીજીટલ ગુજરાત અંતર્ગત પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે તા: ૨૬-૧૧-૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગ પરનો વાર્તાલાપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના આચાર્યશ્રી, ડો. બી. એચ. પંચાલ દ્વારા ડો. ડી. આર. કથીરીયા, નિયામકશ્રી, આઇ. ટી તથા આચાર્ય અને ડીનશ્રી કોલેજ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને ડો. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક, આઇ. ટી નુ શબ્દોથી તથા ફૂલોથી સ્વાગત કરવામાં આવેલ. ડો. ડી. આર. કથીરીયા દ્વારા શિક્ષણમાં ઉપયોગી વેબસાઈટ અને જુદીજુદી એપ્લીકેશનની માહિતી આપી ટેબ્લેટ દ્વારા તેના ઉપયોગ વિષે જાણકારી આપેલ. ડો. પરમાર દ્વારા શિક્ષણ તેમજ કૃષિમા નવીન માહિતી મેળવવા માટે ટેબ્લેટનો ઉપયોગ કેવીરીતે કરવો તે અંગે માર્ગદર્શન આપેલ અને ત્યારબાદ તેઓના હસ્તે ટેબ્લેટનું વિતરણ કરવામાં આવેલ હતુ. અંતમાં ડો. વિ. કે પટેલ, એકેડેમિક ઇન્ચાર્જ દ્વારા હાજર રહેલ મહેમાનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.






